NH-48 અને ચલા મેઇન રોડ પર પાઇપલાઇન અને સ્ટ્રોમ વોટર ડ્રેઇન નાખવાના કામને મંજૂરી

# વાપીમાં વિકાસ કામોમાં બાંધછોડ નહીં

**વાપીમાં** વરસાદી પાણીના નિકાલ માટે મહત્વપૂર્ણ નિર્ણયો

**ચોમાસા** બાદ ગ્રાન્ટને આધીન સ્ટ્રીટ લાઇટ લગાવવાની કામગીરી સત્વરે શરૂ કરવા સૂચના



## ખુલ્લામાં કચરો નાંખનાર સામે ૫૦૦થી ૧૫૦૦૦ સુધી દંડ

સ્થાયી સમિતિની બેઠકમાં શહેરની સ્વચ્છતા અંગે વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. જાહેર સ્થળોએ તથા ખુલ્લામાં કચરો નાખવાથી શહેરની સ્વચ્છતા અને પર્યાવરણ પર થતી અસરને ધ્યાનમાં રાખીને ખુલ્લામાં કચરો નાખનાર સામે દંડાત્મક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. આ અંગે હાજર તમામ સભ્યોએ સંમતિ દર્શાવી હતી અને નિયમોનુસાર રૂપિયા ૫૦૦થી રૂપિયા ૧૫,૦૦૦ સુધીનો દંડ વસૂલવા કાર્યવાહી કરવા સૂચન કરવામાં આવ્યું હતું. સાથે જ ખુલ્લા પ્લોટમાં ગંદકી જોવા મળે તો સંબંધિત જમીન માલિકોને પણ નોટિસ આપી જરૂરી કાર્યવાહી કરવા પણ સૂચના આપવામાં આવી હતી.

## ટ્રાફિક વ્યવસ્થા સુદઢ બનાવવા માર્ગો પહોળા કરાશે

વાપી શહેરમાં વધતા વાહનવ્યવહારને ધ્યાનમાં રાખીને બલીઠા નવા અંડરપાસથી કસ્ટમ ફ્રન્ટિયર રોડને જોડતા ચલા ચોકી ફળિયાના રસ્તાને પહોળો કરવા તથા NH-48થી વલસાડ રોડ તરફના નવા અન્ડરબ્રિજને લાગુ સર્વિસ રોડને પહોળો કરવા જરૂરી જમીન સંપાદનની કાર્યવાહી અંગે ચર્ચા કરવામાં આવી હતી, બંને માર્ગો પર વધતા ટ્રાફિક ભારણને ધ્યાનમાં રાખીને રસ્તાઓ પહોળા કરવાથી વાહનવ્યવહાર વધુ સુગમ બનશે અને નાગરિકોને સમય તથા ઇંધણની બચત સાથે વધુ સારી પરિવહન સુવિધા મળી રહેશે. આ માટે જરૂરી જમીન સંપાદન અંગે વલસાડ કલેક્ટરને દરખાસ્ત કરવાની સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી.

## પાણી પુરવઠા અને સ્વચ્છતા સુવિધાઓ માટે સરકારી જમીનનો ઉપયોગ

વાપી મનપા દ્વારા પાણી પુરવઠા તથા સેનિટેશન વિભાગને લગતી માળખાગત સુવિધાઓ વિકસાવવા માટે મહાનગરપાલિકા હદમાં આવેલી સરકારી જમીનો ફાળવવા અંગે મે.કલેક્ટરશ્રી, વલસાડને કરવામાં આવેલી દરખાસ્તો અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.આ જમીનોનો યોગ્ય ઉપયોગ કરીને ભવિષ્યની વધતી જતી નાગરિક જરૂરિયાતોને અનુરૂપ પાણી પુરવઠા અને સ્વચ્છતા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

વાપી : વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની મહત્વપૂર્ણ બેઠક સ્થાયી સમિતિના અધ્યક્ષ સતીશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને શુક્રવારે યોજાઈ હતી. બેઠકમાં વાપી શહેરના સર્વાંગી અને ઝડપી વિકાસને વેગ આપવા સાથે નાગરિકોને વધુ સારી માળખાગત અને મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા અંગે અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા.

વાપી શહેરમાં ચોમાસા દરમિયાન વરસાદી પાણીના ઝડપી નિકાલ માટે માળખાગત સુવિધાઓ વધુ મજબૂત બનાવવાના હેતુસર NH-48 પર MRF Tyresથી T.K. Battery Auto Electricals સુધી 900 મી.મી. વ્યાસની RCC NP-3 પાઈપલાઈન નાખવાના કામને મંજૂરી આપવામાં આવી હતી, ઉપરાંત ચલા મેઈન રોડથી શ્રદ્ધા હોસ્પિટલ રોડ પર વરસાદી પાણીના નિકાલ માટે સ્ટ્રોમ વોટર પાઈપ ડ્રેઈન નાખવાના કામને પણ મંજૂરી આપવામાં આવી હતી. આ કામગીરીથી વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા વધુ સુદઢ બનશે અને ચોમાસા દરમિયાન નાગરિકોને પડતી મુશ્કેલીઓ ઘટાડવામાં મદદ મળશે. વાપીના વિવિધ વિસ્તારોના મુખ્ય તથા આંતરિક માર્ગો પર LED સ્ટ્રીટ લાઈટ લગાવવાના કામો અંગે પણ મહત્વપૂર્ણ ચર્ચા કરવામાં આવી હતી. સરકાર તરફથી મળનાર અનુદાનને આધીન જરૂરી ગ્રાન્ટ ફાળવી કામગીરી હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.ચોમાસાની ઋતુ પૂર્ણ થયા બાદ આ કામગીરી સત્વરે શરૂ કરવા સંબંધિત વિભાગીય અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી. LED સ્ટ્રીટ લાઇટથી શહેરના માર્ગો વધુ પ્રકાશિત બનવાની સાથે વીજ વપરાશમાં પણ બચત થશે અને નાગરિકોની સલામતીમાં વધારો થશે.વાપી મહાનગરપાલિકાને ફાળવવામાં આવેલી વહીવટી ખર્ચની ગ્રાન્ટનો શહેરના વિકાસ માટે મહત્તમ ઉપયોગ થાય તે હેતુસર વિવિધ વિકાસ કામો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. નકશા, અંદાજ તથા જરૂરી વિગતો સાથેના વિકાસ કામો આગામી સ્થાયી સમિતિની બેઠકમાં રજૂ કરી તબક્કાવાર આયોજન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. વાપી મનપાના વહીવટી કામગીરીને વધુ કાર્યક્ષમ અને નાગરિકલક્ષી બનાવવા માટે વર્ગ-૩ની જગ્યાઓના ભરતી-બઢતીના નિયમો અંગે પણ મહત્વપૂર્ણ ચર્ચા કરવામાં આવી હતી. આ નિયમોને મંજૂરી અર્થે આગામી સામાન્ય સભા સમક્ષ ભલામણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ બેઠકમાં તમામ વિકાસલક્ષી કામોમાં ગુણવત્તા સાથે કોઈપણ પ્રકારનું સમાધાન ન થાય તે અંગે વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. કામોની ગુણવત્તા, ટકાઉપણું અને નિર્ધારિત માપદંડોનું પાલન થાય તે સુનિશ્ચિત કરવા સંબંધિત શાખા અધ્યક્ષો તથા અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. આ બેઠકમાં મ્યુનિસિપલ કમિશનર એન. એફ. ચૌધરી, નાયબ મ્યુનિસિપલ કમિશનર કિરણસિંહ રાણા તથા વિવિધ શાખાના વિભાગીય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સ્વતંત્રતા દિવસ નિમિત્તે વલસાડ રેલવે સ્ટેશન ઝગમગી ઉઠ્યું



વલસાડ: ૧૫મી ઓગસ્ટ સ્વતંત્રતા દિવસની ઉજવણીને લઈ વલસાડ રેલવે સ્ટેશનને રંગબેરંગી લાઈટિંગથી શણગારવામાં આવ્યું હતું. રાત્રિના સમયે વલસાડ રેલવે સ્ટેશનની ઇમારત તિરંગાના રંગોની રોશનીથી ઝગમગી ઉઠતા આકર્ષણનું કેન્દ્ર બની હતી. સ્વતંત્રતા દિવસની ઉજવણીના માહોલને વધુ ભવ્ય બનાવતા વલસાડ રેલવે સ્ટેશનનો રોશનીથી સજાવેલો નજારો લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.

# વાપીમાં ભાગીદારીમાં ખરીદેલી ટ્રક ગીરવે મૂકી વિશ્વાસઘાત

**લોનના** હપ્તા ન ભરાતા ભાંડો ફૂટ્યો

**બેંકે** એક ટ્રક સીઝ કરી અને બીજી ટ્રક મધ્યપ્રદેશના શખ્સને ગીરવે આપી દીધાનું બહાર આવ્યું

વાપી : વાપી ઉદ્યોગનગર પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર, વાપી જીઆઈડીસી વિસ્તારના હરિયા હોસ્પિટલ રોડ પર રહેતા ક્રિષ્ણાબેન ઝરણસિંહ ડોડિયાએ ભાગીદારીમાં રેતી સપ્લાયનો ધંધો કરવા માટે પેઢીના નામે બે હાઈવા ટ્રક ખરીદી હતી. આ ભાગીદારી પેઢી 'દિવ્યરતન એન્ટરપ્રાઈઝ'માં તેઓ ૫૦ ટકા નફા-નુકસાનના હિસ્સેદાર હતા, જ્યારે અન્ય ભાગીદાર ટીનાબેન તુષારભાઈ દેસાઈ હતા.

વર્ષ ૨૦૨૫માં ભાગીદાર ટીનાબેનના પતિ તુષારે લોનના હપ્તા ન ભર્યા હોવાનું ધ્યાને આવ્યું હતું, જેથી બેંકે બોડેલી ખાતે એક હાઈવા ટ્રક સીઝ કરી હતી. જ્યારે બીજી ટ્રક અંગે તપાસ કરતા તે મધ્યપ્રદેશના સાલમસિંહ કલમસિંહને ગીરવે મૂકી દીધી હોવાનું બહાર આવ્યું હતું. આરોપીઓએ સંમતિ વગર ટ્રકનો કબજો મેળવી ગીરવે મૂકી વિશ્વાસઘાત કર્યો હતો. આ અંગે ક્રિષ્ણાબેન ડોડિયાએ ટીનાબેન તુષાર દેસાઈ, તુષાર કિર્તિ દેસાઈ અને સાલમસિંહ કલમસિંહ સામે વાપી ઉદ્યોગનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

# ગુંદલાવમાં ફ્લેટનું તાળું તોડી 1.44 લાખના દાગીનાની ચોરી

**સિસ્ટર** નોકરી પર ગયા હતા ત્યારે બંધ ઘરને નિશાન બનાવી તસ્કરો ૫.૮૧ લાખની ચોરી કરી ગયા

## ગુંદલાવમાં ફ્લેટનું તાળું તોડી રૂપિયા 1.44 લાખના સોનાના દાગીનાની ચોરી

વલસાડ : ગુંદલાવમાં સાઈ દર્શન એપાર્ટમેન્ટમાં રહેતા પટેલ પરિવારના સભ્યો નોકરી માટે બહાર ગયા હતાં. આ દરમિયાન તસ્કરે ફ્લેટના મેઇન દરવાજાનું તાળું તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ બેડરૂમમાં જઈ કબાટમાંથી સોનાના અલગ-અલગ દાગીના ચોરી લીધા હતાં. ચોરાયેલ દાગીનામાં સોનાની ચેઇન, પેન્ડલ, પાટલા તથા અન્ય દાગીનાનો સમાવેશ થાય છે. ઉપરાંત ઘરની ચાવી તથા અન્ય ચાવીઓ પણ ચોરી ગયાનું જણાવાયું છે. અરૂણાબેન પટેલે પોલીસમાં ફરિયાદ કરી હતી.

વલસાડ : વલસાડ અટગામમાં તસ્કરોએ બંધ ઘરને નિશાનો બનાવી રૂ.5.81 લાખના ઘરેણા ચોરી ગયા હતા.

અટગામ સ્થિત પાટા તળાવ ફળિયામાં રેખા પટેલ પરિવાર સાથે રહે છે અને તેઓ હોસ્પિટલમાં સિસ્ટર તરીકે નોકરી કરે છે. તેઓ નોકરી પર ગયા હતા અને બપોરે પરત ફરી મુખ્ય દરવાજાનો નકુચો ચાવી વડે ખોલવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ દરવાજો ખુલ્યો ન હતો. જેથી તેમણે પડોશી ભત્રીજાને બોલાવ્યો હતો, છતાં દરવાજો ખૂલ્યો ન હતો.

આથી તેઓ ઘરના પાછળના ભાગે જઈને તપાસ કરતા દાદરનો દરવાજો ખુલ્લો જોવા મળ્યો હતો. ઘરમાં અંદર જઈને તપાસ કરતાં સામાન અસ્તવ્યસ્ત હતો અને કબાટમાં મૂકેલા સોના તથા ચાંદીના કિંમતી દાગીના મળી કુલ રૂપિયા ૫,૮૧,૧૫૭ ની મત્તા ચોરી થઈ હતી. આ ચોંકાવનારી ઘટના અંગે રેખાબેન દ્વારા વલસાડ રૂરલ પોલીસ મથકે સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે.

# બીલીમોરા નજીક આંતલીયામાં ઘરફોડ ચોરીથી લોકોમાં ભય

**પરિવાર** બહાર ગયો હોવાનો લાભ લઈ તસ્કરે ટેરેસના દરવાજેથી ઘરમાં ઘૂસી ૧.૦૮ લાખની મત્તા ચોરી

બીલીમોરા : બીલીમોરા નજીક આવેલા આંતલીયા ગામના ધોલ ફળીયામાં ધોળા દિવસે ઘરફોડ ચોરીનો એક સનસનાટીભર્યો બનાવ સામે આવ્યો છે. પરિવાર ટૂંક સમય માટે ઘર બંધ કરીને બહાર ગયો હતો, તે દરમિયાન અજાણ્યો તસ્કર ટેરેસના દરવાજેથી ઘરમાં પ્રવેશ કરી રોકડ ત થા સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૧,૦૮,૭૨૫ ની મત્તા ચોરીને ફરાર થઈ ગયો હતો.

મળ તી માહિતી મુજબ, આંત લીયા ધોલ ફળીયા ખાતે રહેતા વિશાલકુમાર રમેશભાઈ પટેલ પત્ની અને દીકરીઓ સાથે કબીલપોર દીકરીના બોનોફાઈડ સર્ટિફિકેટ માટે ગયા હતા. દરમિયાન સાંજે પરિવાર પરત ફર્યો ત્યારે ઘરના મુખ્ય દરવાજાનું તાળું ખોલી અંદર જતા હોલની જમણી બાજુના બેડરૂમનો સામાન વેરવિખેર હાલતમાં જણાયો હતો અને કબાટ પણ ખુલ્લો હતો.

ઉપરી માળે તપાસ કરતા ટેરેસનો દરવાજો ખુલ્લો મળી આવ્યો હતો, જેથી અજાણ્યો ચોર ઈસમ ટેરેસના રસ્તેથી ઘરમાં ઘૂસ્યો હોવાનું સ્પષ્ટ થયું હતું. વધુ તપાસ કરતા કબાટમાંથી રોકડા રૂ. ૧,૪૦૦, ૧૫ અમેરિકન ડૉલર, ૩ ગ્રામ સોનાની બુટ્ટી, ૭ ગ્રામ સોનાનો સોયદોરો તેમજ જુદી જુદી ચાંદીની સાંકળો, હાથનું લુઝ અને ચાંદીના કડાં ચોરાયા હોવાનું સામે આવ્યું હતું.

આમ, તસ્કર કુલ રૂપિયા ૧,૦૮,૭૨૫ ની મત્તા ચોરી કરી પલાયન થઈ ગયો હતો. ચોરાયેલી વસ્તુઓની વિગતવાર ખાતરી કર્યા બાદ વિશાલકુમાર પટેલે બીલીમોરા પોલીસ મથકે અજાણ્યા ચોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આ મામલે બીલીમોરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ મહિલા પીએસઆઈ સંગીતા કારેણાએ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વંદે માતરમના ૧૫૦ વર્ષની તિરંગાયાત્રામાં કેબીએસ અને નટરાજ કોલેજે ભાગ લીધો




વાપી : સ્વતંત્રતા દિવસ અને "હર ઘર તિરંગા" ઉજવણીના ભાગ રૂપે, વંદે માતરમના ૧૫૦ વર્ષ અંતર્ગત જિલ્લા વહીવટી તંત્ર, વલસાડ અને વાપી મહાનગરપાલિકા વહીવટી તંત્ર દ્વારા શ્યામજી કૃષ્ણ વર્મા ચોકથી શહીદ પ્રેમકુમાર પાટીલ ઉદ્યાન સુધી ભવ્ય તિરંગાયાત્રા કાઢવામાં આવી હતી. આ તિરંગાયાત્રાનું પ્રસ્થાન અને સંપન્ન ગુજરાત રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગુજરાત સરકારની ગરિમામય ઉપસ્થિતિમાં કરવામાં આવી. જેમાં વિવિધ સંસ્થાના આગેવાનો, એન.જી.ઓ., વિવિધ શાળા/કોલેજોના ૫૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ અને નાગરિકો હાજર રહ્યાં. જેમાં કેબીએસ કોલેજના પણ ૨૦૦થી વધારે વિદ્યાર્થીઓએ એકતા અને દેશભક્તિનું પ્રદર્શન કરવામાં સહભાગી થયા હતા. આ તિરંગાયાત્રામાં દરેકે દેશભક્તિના નારા લગાવતા અને ગર્વથી વંદે માતરમનો નાદ કરતા એકસાથે કૂચ કરી હતી. આ તિરંગાયાત્રાનો હેતુ યુવાનોમાં દેશભક્તિ, રાષ્ટ્રીય એકતા, શાંતિ અને જવાબદારીનો સંદેશ ફેલાવવાનો હતો.

### પારડીમાં ભવ્ય તિરંગા યાત્રા નીકળી




પારડી : પારડીમાં નાણામંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી પારડી કંસારવાડ થઈને દમણીઝાંપા સરકારી દવાખાના સુધી ઉત્સાહભેર નીકળી હતી. સમગ્ર માર્ગ પર ભારત માતા કી જય અને વંદે માતરમના નારાઓથી નગર ગુંજી ઉઠ્યું હતું. આ યાત્રામાં પારડી પ્રાંત અધિકારી નીરવ પટેલ, નગરપાલિકાના પ્રમુખ, હોદ્દેદારો, સભ્યો, પારડી શહેર સંગઠનના આગેવાનો, યુવા મોરચાના કાર્યકરો, શાળાના વિદ્યાર્થીઓ તેમજ બહોળી સંખ્યામાં સ્થાનિક ગ્રામજનો અને નગરજનો ઉપસ્થિત રહીને હાથમાં ત્રિરંગો સાથે દેશભક્તિના આ પર્વમાં ઉત્સાહભેર જોડાયા હતાં.

### ડાંગનાં ભેંસકાતરીમાં વરસાદ વચ્ચે 'હર ઘર તિરંગા' રેલી યોજાઈ




સાપુતારા : સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે તા. ૧૩/૮/૨૦૨૬ના રોજ વઘઈ તાલુકાના ભેંસકાતરી ગામમાં "હર ઘર તિરંગા" અભિયાન અંતર્ગત દેશભક્તિ સભર તિરંગા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતુ. સરપંચ મિતેશ ગામીત, ઉપસરપંચ જયરામ પવાર તથા શાળાના આચાર્ય અમૃત ગાવિતની આગેવાની હેઠળ યોજાયેલી આ રેલીમાં ICDS તથા વર્લ્ડ વિઝન ઇન્ડિયાનો સહયોગ મળ્યો હતો. ભેંસકાતરી પ્રાથમિક શાળાથી પ્રારંભ થયેલી રેલીમાં શાળાના તમામ શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા સ્ટાફ ઉપરાંત ગ્રામ પંચાયતના સભ્યો અને મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા. હાથમાં તિરંગો લહેરાવતા અને દેશભક્તિના નારા લગાવતા સહભાગીઓના કારણે સમગ્ર વાતાવરણ દેશભક્તિના રંગે રંગાઈ ગયું હતુ. વરસતા વરસાદની વચ્ચે પણ રેલીમાં જોડાયેલા બાળકો, શિક્ષકો અને ગ્રામજનોનો ઉત્સાહ અડીખમ રહ્યો હતો. આ રેલી એક કિલોમીટરનો માર્ગ કાપીને પુન: સરકારી શાળા ખાતે પરત ફરી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### ચીખલી કોલેજની વિદ્યાર્થિનીઓએ ઇતિહાસ વિષયમાં ગોલ્ડ મેડલ મેળવ્યો



ઘેજ : ચીખલી કોલેજની ટી.વાય. બી.એ.(સેમેસ્ટર-6) ની વિદ્યાર્થિની પટેલ તેજસ્વિની મહેશભાઇએ 8.13 SGPA સાથે યુનિવર્સિટીની માર્ચ-૨૦૨૬ BA ની ડિગ્રી પરીક્ષામાં ઇતિહાસ વિષયમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે. અને એમ.એ. (સેમેસ્ટર-4) ની વિદ્યાર્થિની ઠાકુર શિવાની અશોકભાઈએ 8.73 SGPA સાથે યુનિવર્સિટીની MA ની ડિગ્રી પરીક્ષામાં ઇતિહાસ વિષયમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે. આ બંને વિદ્યાર્થિનીઓએ સમગ્ર યુનિવર્સિટી સુરતની આર્ટસ કોલેજો પૈકી ઇતિહાસ વિષયમાં સૌથી વધુ માર્ક મેળવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી ચીખલી કોલેજનું ગૌરવ વધાર્યું છે. જેઓને માર્ગદર્શન કોલેજનાં ઇતિહાસ વિષયનાં ડીપાર્ટમેન્ટ હેડ એસો. પ્રોફેસર પ્રા. ચેતન પટેલ અને આસિ. પ્રોફેસર ડો.પરેશ દેસાઇ દ્વારા પુરું પાડેલું હતું. આ સિદ્ધી બદલ સંસ્થાના ચેરમેન અને મેનેજીંગ ટ્રસ્ટી દર્શન દેસાઇ, સેક્રેટરી સોનલ દેસાઇ, કોલેજનાં આચાર્યા ડો.ફાલ્ગુની દેસાઇ, ઉપાચાર્ય ડો.મુકેશ પટેલ અને સમગ્ર કોલેજે શુભેચ્છા પાઠવી હતી.

### બીલીમોરાની સ્કૂલમાં વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન




બીલીમોરા : બ્રાઈટ સ્ટાર ઈન્ટરનેશનલ સ્કૂલ, બીલીમોરામાં વિદ્યાર્થીઓમાં 'વક્તૃત્વ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ધોરણ ૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ રાષ્ટ્રભક્તિ, મતદાન જેવા વિષયો પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. તેમની રજૂઆતમાં ભાષાની શૈલી, ઉચ્ચારણ, વિષયની સમજ, અભિવ્યક્તિ અને આત્મવિશ્વાસ જેવા વિવિધ પાસાઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય રૂપાલિબેન દેસાઈ, નિર્ણાયક અશોકભાઈ ભટ્ટ અને ઉપાચાર્ય કિન્નરીબેન ગાંધી દ્વારા વિજેતા થનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી આવી સર્જનાત્મક તથા શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વધુને વધુ પ્રોત્સાહિત કર્યા હતા. આ સ્પર્ધા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ સાથે તેમની વક્તૃત્વ અભિવ્યક્તિને નિખારવા માટે એક સુંદર અને યાદગાર અનુભવ બની રહી હતી.

# ઉમરગામ તાલુકા પંચાયતની સામાન્ય સભામાં મીડિયા માટે 'પ્રવેશબંધી'

**વરસાદ** અને પૂરથી પ્રભાવિત અસરગ્રસ્તોને રૂપિયા ૯.૭૯ કરોડથી વધુની સહાય ચૂકવાયાનો દાવો

**શાસક** પક્ષ પોતાની નબળાઈઓ છુપાવવા બ્રેક લગાવતો હોવાનો વિરોધ પક્ષના સભ્ય રાકેશ રાયનો આક્ષેપ




ઉમરગામ : ઉમરગામ તાલુકા પંચાયતની ખાસ સામાન્ય સભામાં સ્ટેમ્પ ડ્યુટી અને નાણાંપંચના કામોની ચર્ચા કરવામાં આવી હતી. સભામાં મીડિયા કર્મીઓને પ્રવેશ આપવામાં આવ્યો ન હતો. જેનાથી મીડિયા કર્મીઓમાં તથા વિરોધ પક્ષે પણ નારાજગી વ્યક્ત કરી હતી.

ઉમરગામ તાલુકા પંચાયતના પ્રમુખ સંતોષ વળવીની અધ્યક્ષતામાં તથા તાલુકા પંચાયતના હોદ્દેદારો અને સભ્યોની ઉપસ્થિતિમાં ખાસ સામાન્ય સભા તાલુકા પંચાયતના સભાખંડમાં શુક્રવારે મળી હતી. એજન્ડા મુજબ ગત સભાની કાર્યવાહી નોંધને બહાલી આપવામાં આવી હતી તથા પંચાયતની સમિતિઓની સભાઓની કાર્યવાહીઓ અંગે ચર્ચા થઈ હતી અને ખાસ તો 16 મું નાણાપંચ તાલુકા કક્ષાનું સને 2026-27 નું આયોજન કરવા અને સ્ટેમ્પ ડ્યુટી ગ્રાન્ટના આયોજન અંગે સભામાં ચર્ચા વિચારણાઓ કરવામાં આવી હતી. સભા શાંતિપૂર્ણ મોહોલમાં સંપન્ન થઈ હતી. સભાનું સંચાલન તાલુકા વિકાસ અધિકારી પરેશ પરમાર દ્વારા કરવામાં આવ્યુ હતુ.

આ સભામાં તાલુકા પંચાયત પ્રમુખ સંતોષ વળવીએ જાણકારી આપી હતી કે ઉમરગામ તાલુકામાં અતિ ભારે વરસાદ અને પૂરના કારણે વ્યાપક પ્રમાણમાં તારાથી સર્જાઇ હતી. જેને પગલે રાજ્ય સરકાર દ્વારા ઉમરગામ તાલુકામાં અસરગ્રસ્ત લોકોને રૂપિયા 9 કરોડ 79 લાખથી વધુ રકમની સહાય ચૂકવવામાં આવી છે તથા મૃત્યુ સહાય પણ બે જણાને કુલ આઠ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે.

આ સામાન્ય સભામાં મીડિયા કર્મીઓને પ્રવેશ આપવામાં આવ્યો ન હતો જેના કારણે મીડિયા કર્મીઓમાં નારાજગી જોવા મળી હતી. પહેલા પણ ભાજપનું શાસન હતું ત્યારે ભાજપના હોદ્દેદારો અને પત્રકારોને સભામાં પ્રવેશ મળતો હતો પરંતુ આ ટર્મમાં સરીગામથી અપક્ષ તાલુકા પંચાયતના સભ્ય તરીકે રાકેશ રાય ચૂંટાઈને તાલુકા પંચાયતમાં આવ્યા છે તેઓએ શરૂઆતમાં જ ચૂંટાયેલા સભ્યો સિવાય કોઈને પણ સભામાં પ્રવેશ આપવામાં આવશે તો અમારો વાંધો છે એવું સ્પષ્ટ ચેતવણી આપ્યા ના કારણે ભાજપના હોદ્દેદારો સભામાં પહેલાની જેમ હવે બેસતા નથી જોકે મીડિયાના પ્રવેશને લઈને વિરોધ પક્ષના રાકેશ રાયે સ્પષ્ટતા કરી છે કે મીડિયાના પ્રવેશ સામે અમોને કોઈ વાંધો નથી શાસક પક્ષ ભાજપ પોતાની નબળાઈઓ છુપાવવા મીડિયાના પ્રવેશ ઉપર બ્રેક લગાવે છે. સામાન્ય સભા કે બેઠકોમાં મીડિયાને પ્રવેશ ન આપો એ લોકશાહીના હક્કો અને પારદર્શિતા સામે મોટા સવાલો ઊભા કરે છે.

## વિજલપોરમાં પાર્કિંગ મુદ્દે મારામારીમાં ચાર સામે ગુનો

નવસારી : વિજલપોરની વનગંગા સોસાયટીમાં વાહન પાર્કિંગ મુદ્દે થયેલી બોલાચાલી બાદ મારામારી અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદી કિશનલાલ ભોલાજી ડાંગીના જણાવ્યા મુજબ, 11 ઓગસ્ટે તેઓ પોતાની ઈકો કાર મારુતિ સ્કૂલના ગેટ પાસે પાર્ક કરી ઘરે ગયા હતા, જ્યારે જૂની ઓમની કાર ઘર સામે પાર્ક કરી હતી. દરમિયાન સંજય નામનો શખ્સ અતુલ શક્તિ ટેમ્પો લઈને આવ્યો હતો અને ઓમની કાર હટાવવા બાબતે બોલાચાલી કરી હતી. વિવાદ વધતાં સંજયની માતા, પત્ની અને બહેન જયા પણ સ્થળે આવી પહોંચ્યા હતા. ફરિયાદ મુજબ, ચારેયે ફરિયાદી સાથે ઝપાઝપી કરી ઢીકમુક્કીનો માર માર્યો હતો. પરિવારજનો બચાવ માટે વચ્ચે પડતાં તેમની સાથે પણ મારામારી કરવામાં આવી હતી. આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો પણ ફરિયાદમાં આક્ષેપ કરાયો છે. વિજલપોર પોલીસે ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ અ.હે. કો. ચિરાગભાઈ પુનમભાઈને સોંપી છે. આ જ મામલે અગાઉ સામી ફરિયાદ પણ નોંધાઈ હોવાનું પોલીસે જણાવ્યું છે. આરોપીઓ હાલ સારવાર હેઠળ હોવાથી તેમની ધરપકડ કરવાની કાર્યવાહી બાકી છે.